# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત

## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ

Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **૧** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્રશ્ન - ૧ : (ક) નીચેના પાઠની પૂર્તિ કરો : (કોઈ પણ ૬)** ૨૪

(૧) આયાહિણં ............... સમ્માણેમિ (૪)

**જ.: (૧) આયાહિણં પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં**

(૨) ઉસસિએણં .............. ઉડ્ડુએણં (૪)

**જ.: (૨) ઉસસિએણં નિસસિએણં ખાસિએણં છીએણં જંભાઈએણં ઉડ્ડુએણં**

(૩) કિત્તઈસં ................. વંદે (૪)

**જ.: (૩) કિત્તઇસં ચઉવિસંપિ કેવલી ઉસભ મજીયંચવંદે**

(૪) તિવિહેણં ................. કાયસા (૪)

**જ.: (૪) તિવિહેણં ન કરેમિ, ન કારવેમિ મણસા વયસા કાયસા.**

(૫) ભગવંતાણં ............... પુરિસસિહાણં (૪)

**જ.: (૫) ભગવંતાણં આઈગરાણં તિત્થયરાણં સયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં પુરિસસિહાણં**

(૬) સિવ ..................... મવ્વાબાહ (૪)

**જ.: (૬) સિવ મચલ મરુચ મણંત મક્ખય મવ્વાબાહ**

(૭) ઓસા ................... મક્કડા (૪)

**જ.: (૭) ઓસા ઉત્તિંગ પણગ દગ મટ્ટીમક્કડા**

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો. (કોઈ પણ ૮)** ૮

| | | |
|---|---|---|
| (૧) આયાહિણં | જવાબ : | પોતાના જમણા કાનથી શરૂ કરીને |
| (૨) ઇચ્છામિ | જવાબ : | ઈચ્છું છું |
| (૩) વોસિરામિ | જવાબ : | અલગ કરું છું |
| (૪) લોએ | જવાબ : | લોકમાં રહેલા |
| (૫) મિચ્છામિ | જવાબ : | મારું મિથ્યા (નિષ્ફળ) થાઓ |
| (૬) વંદામિ | જવાબ : | સ્તુતિ અથવા વંદન કરું છું |
| ૭) આગારેહિં | જવાબ : | આગારોથી |
| (૮) ઝાણેણં | જવાબ : | ધર્મધ્યાને કરીને (મનને એકાગ્ર કરીને) |
| (૯) ખાસિએણં | જવાબ : | ખાંસી ઉધરસ આવવાથી |
| (૧૦) ઓસા | જવાબ : | ઝાકળ ઠાર |
| કિલામીયા | જવાબ : | કિલામના ગ્લાનિ ઉત્પન્ન કરી હોય |

**(ગ) મૂળ પાઠ લખો : (કોઈ પણ ૮)** ૮

**જવાબ સાથે**

| | | |
|---|---|---|
| (૧) અરિહંત ભગવંતોને નમસ્કાર હો | જવાબ : | નમો અરિહંતાણં |
| (૨) છીંક આવવાથી | જવાબ : | છીએણં |
| (૩) સંક્રમણ કર્યું હોય | જવાબ : | સંકામિયા |
| (૪) સત્કાર કરું છું | જવાબ : | સક્કારેમિ |
| (૫) જ્યાં સુધી | જવાબ : | જાવ |
| (૬) ધ્રાસ્કો પમાડ્યો હોય | જવાબ : | ઉદવિયા |

(૭) નમસ્કાર હો — જવાબ : નમો
(૮) આપ જ્ઞાનસ્વરૂપ છો — જવાબ : ચેઈયં
(૯) સચિત્ત માટી — જવાબ : મટ્ટી
(૧૦) જમીન સાથે મસળ્યા હોય — જવાબ : લેસિયા

**(ઘ) એક વાક્યમાં જવાબ લખો.** — ૫

જવાબ સાથે
(૧) નવકારમાં પાંચ પદમાંથી દેવ કોણ છે ? જવાબ : નવકારના પાંચ પદમાંથી અરિહંત અને સિદ્ધ દેવ છે.
(૨) વંદના કેટલી વાર કરાય ? જવાબ : વંદના ત્રણ વાર કરાય.
(૩) સિધ્ધ ભગવાનને શરીર હોય ? જવાબ : ના. સિદ્ધ ભગવાનને શરીર ન હોય.
(૪) તીર્થની સ્થાપના કોણ કરે ? જવાબ : તીર્થની સ્થાપના તીર્થંકર કરે.
(૫) પંચ પરમેષ્ટિના ગુણ કેટલા ? જવાબ : પંચ પરમેષ્ટિના ગુણ ૧૦૮ છે.

**(ચ) જોડકાં જોડો** — ૫

| | | | |
|---|---|---|---|
| (૧) આહાર ન કરે | તીર્થંકર | જવાબ : | સિદ્ધ |
| (૨) મધ્યમ વંદના | ૨૭ | જવાબ : | તિકખુતો |
| (૩) તીર્થની સ્થાપના કરનાર | સિધ્ધ | જવાબ : | તીર્થંકર |
| (૪) સાધુના ગુણ | ૩૨ | જવાબ : | ૨૭ |
| (૫) જૈન આગમ | તિકખુતો | જવાબ : | ૩૨ |

---

**પ્રશ્ન – ૨ : માગ્યા પ્રમાણે નામ લખો :** — ૧૫

(૧) ત્રીજા અને સાતમાં તીર્થંકર — જઃ શ્રી સંભવનાથ સ્વામી, શ્રી સુપાર્શ્વનાથ સ્વામી
(૨) પહેલા અને ચોથા ગણધર — જ : ઈન્દ્રભૂતિ ૪ વ્યક્તજી
(૩) પાંચમાં અને આઠમાં શ્રાવક — જ : ૫ ચુલ્લણી શતક ૮ મહાશતક શ્રાવક
(૪) બીજા અને નવમાં સતી — જ : ૨ સુંદરી ૯ સીતા
(૫) પહેલું અને ત્રીજું છ'કાય ગોત્રનાં નામ — જ : ૧ પૃથ્વી કાય માટી ૩ તેઉકાય અગ્નિ
(૬) ચોથું અને આઠમું તત્ત્વ — જ : ૪ પાપ તત્વ ૮ બંધ તત્વ
(૭) બીજું અને સાતમું કર્મ — જ : ૩ દર્શનાવરણીય ૭ ગોત્ર કર્મ
(૮) ત્રણ તત્ત્વમાં બીજું તત્ત્વ — જ : નિર્ગ્રંથ ગુરુ

---

**પ્રશ્ન – ૩ : નીચેના પ્રશ્નોના જવાબ લખો : એક શબ્દમાં (કોઈ પણ૧૦)** — ૧૦

(અ) (૧) જે સાચા દેવગુરુ ધર્મને જાણે તેને શું કહેવાય ? જવાબ : જૈન
જવાબ સાથે
(૨) તીર્થની સ્થાપના કોણ કરે ? જવાબ : તિર્થંકર
(૩) જમતી વખતે શું રાખવું ? જવાબ : મૌન
(૪) સિદ્ધ ભગવાને કેટલાં કર્મ ક્ષય કર્યા ? જવાબ : આઠ
(૫) અનુપૂર્વીમાં પાંચ હોય ત્યાં શું બોલાય ? જવાબ : નમો લોએ સવ્વ સાહૂણં
(૬) શૂરવીર કોણ કહેવાય ? જવાબ : મનને જીતે તે
(૭) ધર્મનું જ્ઞાન ક્યાં મળે ? જવાબ : જૈન શાળામાં
(૮) કોની સામે ન થવાય ? જવાબ : માતા-પિતા
(૯) અભિમાન શેનાથી જાય ? જવાબ : વિનયથી
(૧૦) કાચાં મીઠાને શું કહેવાય ? જવાબ : સચેત વસ્તુ
(૧૧) શ્રીમંત કોણ ? જવાબ : સંતોષી

(બ) સાચું કે ખોટું લખો : ૫

(૧) મોટા થઈને નમ્ર બનવું જોઈએ. **જવાબ : સાચું**

(૨) ધર્મ એટલે બુરાઈ કરવી. **જવાબ : ખોટું**

(૩) માતા-પિતાનો ઉપકાર ભૂલી જઈશ. **જવાબ : ખોટું**

(૪) હોટલની - રેંકડીની વસ્તુ ખાઈશ નહીં. **જવાબ : સાચું**

(૫) હિતકારી - પ્રિયકારી વાણી બોલીશ. **જવાબ : સાચું**

---

**પ્રશ્ન - ૪ : વાર્તાના આધારે જવાબ લખો :** ૧૦

(૧) અમરકુમારને નવકાર મંત્ર કોણે શિખવાડ્યો? (૨)

**જ : (૧) અમરકુમારને નવકાર મંત્ર જૈન મુનિએ શિખવાડ્યો.**

(૨) ભગવાન મહાવીરનાં માતા-પિતાનું નામ શું હતું ? (૨)

**જ : (૨) ભગવાન મહાવીરના માતા-પિતાનું નામ રાણી ત્રિશલા અને પિતાનું નામ રાજા સિદ્ધાર્થ હતું.**

(૩) ગૌતમસ્વામીનાં ગુરુ કોણ હતા ? તે ક્યા નગરમાં પધાર્યા ? (૨)

**જ : (૩) ગૌતમસ્વામીના ગુરુ મહાવીરસ્વામી. પોલાસપુરનગર**

<u>કોણ કોને કહે છે ?</u>

(૧) ''દોસ્તો ! આપણે સાપનું શું બગાડ્યું છે કે આપણને કરડે? (૧)

**જ : ૧) વર્ધમાન તેના દોસ્તોને કહે છે.**

(૨) ''આ તો, માતા-પિતા છે કે જીવતા રાક્ષસ ? (૧)

**જ : ૨) લોકો એકબીજાને કહે છે.**

(૩) અરે પુત્ર ! તમે તો હજુ નાના છો. ''તમને ધર્મમાં શું સમજાય ?'' (૧)

**જ : (૩) માતા-પિતા અતિમુક્ત કુમારને કહે છે.**

(૪) અતિમુક્ત મુનિ આ ભવમાં મોક્ષમાં જવાના છે. (૧)

**જ : (૪) ભગવાન મહાવીરે સાધુઓને કહ્યું.**

---

**પ્રશ્ન - ૫ : નીચેના કાવ્યની પૂર્તિ કરો :** ૧૦

(૧) દેવ અમારા અરિહંત .......... નવ તત્ત્વોનું જ્ઞાન છે.

**જ : (૧) દેવ અમારા અરિહંતો ને, ગુરુ અમારા નિર્ગંથો,
ધર્મ દયાપ્રધાન છે. ભાઈ મહાવીરનાં સંતાન છે.**

(૨) પ્રભુ તે પંચ પરમેષ્ટિ .......... વર્યા છે જ્ઞાન કેવળને.

**જ : (૨) પ્રભુ તે પંચ પરમેષ્ઠિ, નમું છું ભાવથી તેને,
અરિહંતો જિનેશ્વર જે, જીતીને રાગદ્વેષોને,
વર્યા છે જ્ઞાન કેવળને**

(૩) જૂઠું નહીં .......... જય જિનેન્દ્ર બોલીએ...

**જ : (૩) જૂઠું નહીં બોલીએ, ચોરી નહિ કરીએ,ટી.વી.થી દૂર રહીએ. મહાવીરના શાસનમાં વહેલા ઉઠી જઈએ. નવકાર મંત્ર ગણીએ જય જિનેન્દ્ર બોલીએ.**

(૪) પ્રથમ મંગલ કોણ છે ?

**જ : (૪) પ્રથમ મંગલ પંચપરમેષ્ઠિ છે.**

(૫) નાનાં ભૂલકાં કેવાં છે ?

**જ : (૫) નાના ભૂલકાં ગુલાબ ફૂલડાં જેવાં છે.**

॥ જય જિનેન્દ્ર ॥